
# અફલાતૂન

– ગુલાબરાય જોબનપુત્રા

સ્તવનનું મકાન ગામના છેવાડે હતું. દેશી ઢબનું મકાન હતું, પણ પ્રાંગણ વિશાળ હતું. પ્રાંગણમાં ગુલમહોરનું એક ઝાડ હતું. સ્તવનને તેની છાયામાં રમવું ગમતું. તેનાં ફૂલ તેનું મન મોહી લેતાં. સ્તવન ગુલમહોર સાથે બહુ હળી ગયો હતો. પણ એ જ ગુલમહોર એક વાર દુ:ખનું કારણ બની ગયું !

નિશાળમાં સ્તવનની કસોટીઓ ચાલુ હતી. આ વિષયો તો ઠીક પણ સ્તવનને ગણિતની ચિંતા હતી, અને એમાં આગલી રાત્રે એક ઘુવડ આવ્યું. ગુલમહોર ઉપર બેઠું અને કર્કશ અવાજે બોલવા માંડયું. સ્તવન ચોંકી ગયો. તેને વહેમ પડયો કે નક્કી કંઈક નવાજૂની થશે. કદાચ હું ગણિતમાં નાપાસ થઈશ ! વહેમનું કંઈ ઓસડ છે ! જે ધાર્યું હતું એ જ થયું. બીજે દિવસે ગણિતે સ્તવનની ખબર લઈ



નાંખી. પરિણામ આવ્યું, સ્તવન ગણિતમાં નાપાસ થયો.

મમ્મીએ સ્તવનને પૂછ્યું : 'આમ કેમ થયું ?' સ્તવન ઘડીભર બોલ્યો નહિ, પછી રૂંધાયેલા સ્વરે કહ્યું, 'આગલી રાત્રે આપણા ગુલમહોર ઉપર ઘુવડ બોલ્યું હતું, મને અપશુકન થયાં અને હું નાપાસ થયો !' મમ્મીએ કહ્યું, 'ઘુવડ બોલે એટલે અનિષ્ટ થાય, બિલાડી આડી ઊતરે તો અપશુકન થાય, ગાય સામે મળે તો શુકન થાય, આ બધાં વહેમ છે. તું વહેમનો શિકાર બની ગયો. વહેમ કાઢી નાખ અને મહેનત કરવા માંડ ! જે મહેનત કરે, તેને ભગવાન સહાય કરે.'

આ પછી સ્તવન ગણિતમાં વધુ ને વધુ મહેનત કરવા લાગ્યો. તે જાણે ગણિતમાં 'માસ્ટર' બનવા મરણિયો બની ગયો.

ફરી પાછી કસોટી આવી. એવી જ રીતે, એ જ ગુલમહોર, એ જ પેલું ઘુવડ ! તે આવ્યું. ગુલમહોર ઉપર બેઠું અને માંડયું કર્કશવા ! પણ આ વખતે સ્તવન વિચલિત ન થયો, તેને ભયની કંપારી ન છૂટી, ઊલટાની ખુમારી પ્રગટી કે તું પાસ થઈશ જ, ભલે ને તે આખી રાત બોલે !

અને ગણિતની કસોટી આવી ને સ્તવન આવ્યો કે મમ્મીએ પૂછ્યું, 'ગણિત કેમ રહ્યું ?' સ્તવને કહ્યું, 'અફલાતૂન !' અને પરિણામને દિવસે તે નાંચી ઊઠ્યો. તે ગણિતમાં 'ટોપ' હતો. ઘુવડ તેનું કશું બગાડી શક્યું નહિ. ગુલમહોર દુ:ખનું કારણ રહ્યું નહિ.

■